શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા

- DTRT
- ઉપનાહ સ્વેદન
- લેપન
- વેધાગ્નિકર્મ
- પંચકર્મ
- EKLપંચકર્મ
- પટ્ટબંધન
- અગ્નિકર્મ
- ક્ષારકર્મ
- વેદનકર્મ (વિધ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ ચૌદસ બુધવાર ૧૮ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૨

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

હોર્મુઝની ખાડીમાંથી અત્યાર સુધીમાં ચાર ભારતીય જહાજો સફળતાપૂર્વક બહાર આવ્યા, હજુ 24 જહાજો ફસાયેલા

બીજું ભારતીય LPG ટેન્કર કંડલા બંદરે પહોંચ્યું

સોમવારે પ્રથમ જહાજ 'શિવાલિક' ગુજરાતના મુંદ્રા બંદરે પહોંચ્યા પછી હવે નંદા દેવીનું આગમન

કુલ 92,712 ટન એલપીજી લઇને આવેલા બંને જહાજોમાંથી ગેસ સ્થળાંતરીત કરવાની પ્રક્રિયા શરૂ

નવી દિલ્હી, તા. 17 (PTI): યુદ્ધગ્રસ્ત હોર્મુઝની ખાડીમાં ફસાયેલા ભારતીય જહાજોને સુરક્ષિત લાવવાના પ્રયાસો વચ્ચે, મંગળવારે વહેલી સવારે બીજું ભારતીય એલપીજી ટેન્કર 'નંદા દેવી' સુરક્ષિત રીતે ગુજરાતના કંડલા બંદરે પહોંચી ગયું છે.

બંદર અને શિપિંગ મંત્રાલયના સ્પેશિયલ સેક્રેટરી રાજેશ કુમાર સિન્હાએ જણાવ્યું હતું કે, આ જહાજ મંગળવારે સવારે 2:30 વાગ્યે કંડલા પહોંચ્યું હતું. આ અગાઉ સોમવારે પ્રથમ જહાજ 'શિવાલિક' ગુજરાતના જ મુંદ્રા બંદરે પહોંચ્યું હતું.

આ બંને જહાજો કુલ 92,712 ટન એલપીજી લઈને આવ્યા છે, જે ભારતમાં રસોઈ ગેસની એક દિવસની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતો છે. હાલ 'નંદા દેવી' જહાજમાંથી ગેસ ખાલી કરવાની પ્રક્રિયા (શિપ ટુ શિપ ટ્રાન્સફર) ચાલી રહી છે.

સત્તાવાર માહિતી મુજબ, પર્સિયન ગલ્ફ ક્ષેત્રમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે. અત્યાર સુધીમાં કુલ 4 ભારતીય જહાજો યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી સફળતાપૂર્વક બહાર નીકળ્યા છે, જ્યારે હજુ પણ 24 જહાજો અને 611 નાવિકો પશ્ચિમ અખાતના સંઘર્ષ ક્ષેત્રમાં ફસાયેલા છે, જેમની સુરક્ષા પર સતત નજર રાખવામાં આવી રહી છે. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા અને ઈરાનના વળતા પ્રહાર બાદ હોર્મુઝની ખાડીનો માર્ગ અત્યંત જોખમી બન્યો છે. ભારત તેની જરૂરિયાતનું 60 ટકા એલપીજી અને 88 ટકા ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેનો મોટો હિસ્સો આ માર્ગે આવે છે. આ સંકટ વચ્ચે, અન્ય એક ઓઈલ ટેન્કર 'જગ લાડકી' પણ 80,800 ટન ક્રૂડ ઓઈલ સાથે મંગળવારે ભારત પહોંચવાનું છે. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આ બહાદુર નાવિકો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરી તેમની સેવાની પ્રશંસા કરી હતી. ભારત સરકારે ઓઈલ અને ગેસના પુરવઠાને જાળવી રાખવા માટે રશિયા અને અમેરિકા જેવા વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ શરૂ કર્યો છે.

અમેરિકામાં વાવાઝોડાના તરખાટની સાથે આંશિક શટડાઉને લોકોની હાલત બગાડી

તોફાની પવન અને બરફવર્ષા સાથેના વાવાઝોડાને કારણે સેંકડો ફ્લાઇટો રદ

દેશમાં ફેબ્રુઆરીથી આંશિક શટડાઉન ચાલતું હોવાથી કર્મચારીઓની અછતને કારણે એરપોર્ટ ચેકપોઇન્ટો પર અંધાધૂંધી

એટલાન્ટા, તા. 17 (AP): શક્તિશાળી વાવાઝોડાએ દેશના પૂર્વીય ભાગમાં તબાહી મચાવ્યાના એક દિવસ બાદ, અમેરિકામાં મંગળવારે સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી અથવા વિલંબિત થઈ હતી, જેના કારણે વિવિધ શહેરોમાં હવાઈ મુસાફરી ખોરવાઈ ગઈ હતી. આંશિક 'ગવર્નમેન્ટ શટડાઉન'ને કારણે સુરક્ષા તપાસકર્તાઓની સંખ્યામાં ઘટાડો થતા મુસાફરો એરપોર્ટ સુરક્ષા ચેકપોઇન્ટ પર ભારે ભીડનો સામનો કરી રહ્યા છે.

હવાઈ મુસાફરી માટે આ પહેલેથી જ એક પડકારજનક સમય છે, કારણ કે ૧૪ ફેબ્રુઆરીથી શરૂ થયેલા શટડાઉનને લીધે કેટલીક સુરક્ષા ચેકપોઇન્ટ પર સ્ટાફનું દબાણ વધ્યું છે. તે જ સમયે, એરપોર્ટ પર 'સ્પ્રિંગ બ્રેક' ના મુસાફરો અને વાર્ષિક NCAA મેન્સ અને વિમેન્સ કોલેજ બાસ્કેટબોલ ટુર્નામેન્ટ જોવા જઈ રહેલા ચાહકોની પણ ભારે ભીડ છે.

ફ્લાઇટ-ટ્રેકિંગ સાઇટ 'FlightAware' મુજબ, મંગળવાર વહેલી સવાર સુધીમાં અમેરિકાની અંદર અથવા બહાર જતી ૭૫૦ થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે અને લગભગ ૧,૩૦૦ ફ્લાઇટ્સ વિલંબિત થઈ છે. સોમવારે ન્યૂયોર્ક, શિકાગો અને એટલાન્ટા જેવા દેશના સૌથી મોટા એરપોર્ટ્સ પર ફ્લાઇટમાં વિલંબ અને રદ થવાના કિસ્સાઓ વધ્યા હતા. નેશનલ વેધર સર્વિસે જણાવ્યું હતું

...અનુસંધાન પાના 11 પર

દિલ્હી ડાયરી

લોકસભામાં વિશેષાધિકાર સમિતિની રચના

લોકસભામાં ડેપ્યુટી સ્પીકરનું પદ હજી પણ ખાલી છે, વર્તમાન ગૃહ અસ્તિત્વમાં આવ્યાના લગભગ બે વર્ષ પછી લોકસભાના સ્પીકરે ૧૮મી લોકસભાની રચનાના લગભગ બે વર્ષ બાદ 'વિશેષાધિકાર સમિતિ'ની રચના કરીને સૌને ચોંકાવી દીધા છે. તેમણે નીચલા ગૃહના ૧૫ સભ્યોને આ સમિતિમાં નામાંકિત કરીને પ્રક્રિયા શરૂ કરી છે. ગૃહ અને તેના સભ્યોના વિશેષાધિકાર ભંગના કેસોની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે તે પેનલના અધ્યક્ષ ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ હશે. જ્યારથી તેમને કેન્દ્રીય કેબિનેટમાંથી હટાવવામાં આવ્યા અને ત્યાર બાદ તેઓ લોકસભામાં તેમની બીજી ટર્મ જીત્યા ત્યારથી પ્રસાદ તેમના પુનર્વસનની રાહ જોઈ રહ્યા હતા. સંસદીય વિશેષાધિકારોનો હેતુ સંસદની સ્વતંત્રતા, સત્તા અને ગૌરવનું રક્ષણ કરવાનો છે. દરેક સભ્ય કોઈપણ અવરોધ વિના તેની ફરજ બજાવવા માટે વિશેષાધિકારો ભોગવે છે. સમિતિ દરેક કેસના તથ્યોના સંદર્ભમાં નક્કી કરે છે કે શું તેમાં વિશેષાધિકારનો ભંગ સામેલ છે અને તેના અહેવાલમાં યોગ્ય ભલામણો કરે છે. જોકે, તે અલગ બાબત છે કે ૧૮મી લોકસભામાં હજી પણ નૈતિકતા સમિતિ નથી.

શર્ટલેસ વિરોધ કરનારાઓનું કોંગ્રેસે સન્માન કર્યું!

ઇન્ડિયન યુથ કોંગ્રેસે તેના સભ્યો માટે એક 'સ્વાગત

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૭-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૨° સે.	૨૨.૨° સે.	૨૦%

હરિયાણા રાજ્યસભા ચૂંટણી: ભારે ડ્રામા-આક્ષેપો વચ્ચે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વિજેતા

બીજી બેઠક પર કોંગ્રેસના 5 ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું, જો વધુ એક સભ્યએ ક્રોસ વોટિંગ કર્યું હોત, તો કરમવીર સિંહ બૌદ્ધની હાર નિશ્ચિત હતી

ચંદીગઢ, તા. 17 (PTI): હરિયાણામાં રાજ્યસભાની બે બેઠકો માટે ભારે રસાકસી બાદ ભાજપના સંજય ભાટિયા અને કોંગ્રેસના કરમવીર સિંહ બૌદ્ધ વિજેતા જાહેર થયા છે. મધ્યરાત્રિ સુધી ચાલેલી મતગણતરી અને બંને પક્ષો દ્વારા 'મતની ગોપનીયતા' ભંગ કરવાના આક્ષેપોને કારણે આ ચૂંટણી પર બધાની નજર હતી. 90 સભ્યોની વિધાનસભામાં આઈએનએલડીના 2 ધારાસભ્યો ગેરહાજર રહેતા 88 મતો પડ્યા હતા, જેમાંથી 5 મતો અમાન્ય

...અનુસંધાન પાના 11 પર

લોકસભામાં આઠ વિપક્ષી સાંસદોનું સસ્પેન્શન રદ

શાસક અને વિરોધ પક્ષ ગૃહ સુચારુ રીતે ચાલે અને તેની ગરિમા જળવાઈ રહે તે માટે સંમત થયા

ગૃહની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે લક્ષ્મણ રેખા દોરવી જરૂરી: કિરેન રિજિજુ

નવી દિલ્હી, તા. 17 (PTI): લોકસભાએ મંગળવારે 'અશિસ્ત' વર્તન બદલ ફેબ્રુઆરીથી સસ્પેન્ડ કરાયેલા વિપક્ષના આઠ સભ્યોનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કર્યું છે. સ્પીકર ઓમ બિરલાએ આ નિર્ણય લેતી વખતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગૃહની અંદર કે સંસદ સંકુલમાં પ્લેકાર્ડ, પોસ્ટર, ફોટા અથવા એઆઈથી બનાવેલા ફોટાઓનું પ્રદર્શન કરવું જોઈએ નહીં. કોંગ્રેસના સભ્ય કે. સુરેશે ગૃહમાં બનેલી ઘટનાઓ બદલ ખેદ વ્યક્ત કરી સસ્પેન્શન પાછું ખેંચવાની વિનંતી કરી હતી, જેને સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવ અને એનસીપીના સુપ્રિયા સુલેએ પણ ટેકો આપ્યો હતો. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે, ગૃહના સુચારુ સંચાલન માટે 'લક્ષ્મણ રેખા' દોરવી જરૂરી છે, જેના પર શાસક પક્ષ અને વિપક્ષ બંને સંમત થયા હતા. ત્યારબાદ રિજિજુએ સાત

...અનુસંધાન પાના 11 પર

ભારતના ગ્રેજ્યુએટ્સમાં બેરોજગારીનું સંકટ: 1.1 કરોડ યુવાનો પાસે કામ નથી

માત્ર 7 ટકા ગ્રેજ્યુએટ્સ જ સ્નાતક થયાના એક વર્ષની અંદર કાયમી પગારવાળી નોકરી મેળવવામાં સફળ રહે છે

નવી દિલ્હી, તા. 17 (PTI): ભારતમાં 20થી 29 વર્ષની વયના કુલ 6.3 કરોડ ગ્રેજ્યુએટ્સમાંથી 1.1 કરોડ યુવાનો બેરોજગાર છે, એમ અઝીમ પ્રેમજી યુનિવર્સિટીના 'સ્ટેટ ઓફ વર્કિંગ ઈન્ડિયા' અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

અહેવાલ મુજબ, માત્ર 7 ટકા ગ્રેજ્યુએટ્સ જ સ્નાતક થયાના એક વર્ષની અંદર કાયમી પગારવાળી નોકરી મેળવવામાં સફળ રહે છે.

શિક્ષણ ક્ષેત્રે થયેલા વિકાસને કારણે ગ્રેજ્યુએટ્સની સંખ્યામાં મોટો વધારો થયો છે, પરંતુ તે મુજબ

...અનુસંધાન પાના 11 પર

ઈરાનના બે ટોચના સુરક્ષા અધિકારીઓને મારી નાખ્યા હોવાનો ઈઝરાયેલનો દાવો

ઈરાનના ટોચના સંરક્ષણ પદાધિકારી અલી લારીજાની અને બાસિજ ફોર્સના વડા જનરલ ગુલામ રેઝા માર્યા ગયા હોવાનો ઇઝરાયેલના સંરક્ષણ મંત્રીનો દાવો

જો કે આ બાબતને ઇરાન તરફથી હજી કોઇ સત્તાવાર સમર્થન નહીં

દુબઈ, 17 માર્ચ (AP) - ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ મંગળવારે જણાવ્યું હતું કે, ઈરાનના ટોચના સુરક્ષા અધિકારી અને રિવોલ્યુશનરી ગાર્ડના બાસીજ મિલિશિયાના વડા બંને રાત્રિ દરમિયાન થયેલા હુમલામાં માર્યા ગયા છે, જે દેશના નેતૃત્વ માટે મોટો ફટકો છે. બીજી તરફ, તેહરાને તેના અખાતી આરબ પડોશીઓ અને ઈઝરાયેલ પર મિસાઈલો અને ડ્રોનનો નવો મારો ચલાવ્યો હતો.

...અનુસંધાન પાના 11 પર

યુએઇની હવાઇ સીમા થોડો સમય બંધ કરાઇ

મંગળવારે વહેલી સવારે યુએઈ(UAE)એ તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું હતું, કારણ કે તેના સૈન્યએ અહેવાલ આપ્યો હતો કે તેઓ ઈરાન તરફથી આવી રહેલા મિસાઈલ અને ડ્રોન જોખમોનો સામનો કરી રહ્યા છે. આ પ્રતિબંધ ટૂંક સમયમાં જ ઉઠાવી લેવામાં આવ્યો હતો, પરંતુ તેના થોડી જ વાર પછી વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા કારણ કે સૈન્ય આવનારા હુમલાઓને હવામાં

...અનુસંધાન પાના 11 પર

ઇઝરાયેલે લેબનોનમાં પણ હુમલાઓ કર્યા

ઈઝરાયેલી સૈન્યએ મંગળવારે વહેલી સવારે જણાવ્યું હતું કે તેણે લેબનોનની રાજધાની ઉપરાંત તેહરાન પર પણ નવા હુમલાઓ શરૂ કર્યા છે. ઈરાનમાં, સૈન્યએ દાવો કર્યો છે કે તેણે કમાન્ડ સેન્ટરો, મિસાઈલ લોન્ચ સાઇટ્સ અને એર ડિફેન્સ સિસ્ટમ્સ પર નિશાન સાધ્યું છે. ઈરાન તરફથી આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી, કારણ કે ઇન્ટરનેટ આઉટેજ અને સતત

...અનુસંધાન પાના 11 પર

ઈરાની હુમલાઓથી પાડોશી દેશો અને તેલ બજાર પર દબાણ

ઈરાને તેના અખાતી આરબ પાડોશી દેશોના ઊર્જા માળખા પર દબાણ જાળવી રાખ્યું છે. આ ક્રમમાં સંયુક્ત આરબ અમીરાત(UAE)ના પૂર્વ કિનારે ઓમાનના અખાત પાસે આવેલા ફુજૈરાહના તેલ પ્લાન્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેને અગાઉ પણ વારંવાર નિશાન બનાવવામાં આવ્યું છે. રાજ્ય સંચાલિત સમાચાર સંસ્થા 'WAM' ના અહેવાલ મુજબ, ડ્રોન હુમલાથી થયેલા વિસ્ફોટમાં કોઈને ઈજા થઈ નથી. જોકે, સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે અથ્થર તોડી પડાયેલી મિસાઈલના અવશેષો પડવાને કારણે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં UAEમાં આ રીતે મૃત્યુ પામનાર તે આઠમી વ્યક્તિ

...અનુસંધાન પાના 11 પર